ISSN: 2349-6002

# ગુજરાતી ભાષાના મહિલા સર્જકો અને નારીવાદ

મકવાણા પૂજાબેન ગણેશભાઈ
*આર.એમ.ડી કોમર્સ એન્ડ આર્ટ્સ મહિલા કૉલેજ ,વાળુકડ*
*(GSET,P.HDPURSUING )*
doi.org/10.64643/IJIRTV12I8-191426-459

વૈદિકકાળમાં સ્ત્રી દેવી ,સહચારીણી ,અર્ધાંગીની માનવામાં આવે છે.નારી શક્તિનું સ્વરૂપ ગણીને આરાધના થતી હતી. સમયાંતરે સ્ત્રીઓની સ્થિતિ દયનીય થતી ગઈ જેમાં મહિલાઓ વ્યક્તિ સ્વાતંત્ર્ય, સન્માન ,વિકાસ ,સશક્તિકરણનો અંધકાર યુગ કહી શકાય સ્ત્રીનું લંગ્ન એજ એકમાત્ર સંસ્કાર હતો. ભારતીય પુરુષો અને ધર્મશાસ્ત્રોમાં પણ નારીની કરુણા, મમતા ,માતા તથા વીરતાથી સભર ઇતિહાસ છે. નારીને આ સન્માન મળવા પાછળનું કારણ સદીઓથી તેનામાં રહેલા તપ, ત્યાગ, સેવા,સાધના, બલિદાન, પ્રેમ તથા મમતા રહેલા છે.સમાજ હંમેશા પોતાનો પૂર્વવત સમાજને જોઇને પોતાની પરંપરાઓ બનાવે છે અને બગાડે પણ છે.ફક્ત ભારતીય સમાજ જ નહીં પરંતુ વિશ્વની કોઇપણ જાતિ, સંપ્રદાય કે વર્ગનો સમાજ પ્રાકૃતિક રૂપમાં પુરુષપ્રધાન સમાજ જ રહ્યો છે. વર્તમાનમાં પણ છે. જો આવું ન હોત તો પશ્ચિમી દેશોમાં અનેક લેખિકાઓસમાજ સેવિકાઓને ‘નારીવાદ’ની ઉપાધી ન આપેલ હોત ,જેમને પુરુષવાદી સમાજની અનેક પરંપરાઓ તોડી ન હોત.

નારીવાદ એટલે શું?

આદિકાળથી લઈને અર્વાચીનકાળ સુધી સમયાંતરે વિવિધ વિચારધારાઓ, આંદોલનો , વાદ-પ્રતિવાદો,ચળવળો ,સંગ્રામો થતાં આવ્યા છે. સાહિત્ય અને સમાજ પરસ્પર અસર ઝીલતું હોવાને કારણે વિવિધ વૈચારિક પ્રવાહોનો અભ્યાસ સાહિત્યના માધ્યમ દ્વારા થઈ શકે છે.સાહિત્ય એ એવી કળા છે જે મનુષ્યના માધ્યમ દ્વારા થઈ શકે છે. સાહિત્યએ એવી કળા છે જે મનુષ્યના વિચારો અને લાગણીને વાચા આપે છે.આ જ રીતે પશ્ચિમ દેશોમાં શરુ થયેલા ‘નારીવાદ’ની અસર આપણને સાહિત્યમાં જોવા મળે છે. પાશ્ચાત્ય દેશોમાં પાંગરેલી નારીવાદની વિચારણા ભારતમાં પણ વિવિધ સ્થળોએ પ્રચલિત થઈ.જેને કારણે સ્ત્રીની અસ્મિતાથી માંડીને મતાધિકાર જેવા અનેક પ્રશ્નો આ વાદના કેન્દ્રસ્થાન હતા.

નારીવાદ એ એક સામાજિક ,રાજકીય અને આર્થિક રીતે સ્ત્રી અને પુરુષ ‘સમાનતા’

આપવાની એક ચળવળ છે. સમાજમાં સ્રીના સ્થાને પુરુષ કરતાં જુદા જુદા દ્રષ્ટિકોણથી મૂલવવાનો પ્રયત્ન કરેલ છે.પરિણામે નારીવાદ આધારિત મર્યાદાઓ દૂર કરી સ્રીને કાયદો અને રીવાજ મુજબ સમાજમાં પુરુષ સમાન સ્થાન આપી નવા સમાજ રચનાઓ દ્રષ્ટિકોણ દર્શાવે છે.આમ નારીવાદનું મૂળ કારણ સ્રી – પુરુષના અધિકારો ,સત્તા ,મર્યાદાઓની અસમાનતા માંથી જન્મ થયો છે એમ કહેવાય.

## I. નારીવાદ (Feminism)

નારીવાદ એક Ideology છે.નારી પાત્રો અને નારીજીવનનું જગતભરમાં આલેખન થયું છે.તેને નારીઓપોતાના જીવનનું યથાર્થ પ્રતિબિંબ માને છે પણ આ સાહિત્ય એક પ્રકારના ચશ્માં જેવું છે. નારીવાદ સાહિત્યસમીક્ષા પ્રશિષ્ટ ( Classical) સાહિત્યનું ચીવટપૂર્વક નિરીક્ષક કરી તેમાં સ્રીપત્રોને કેવી નજરે જોયા છે.તેનો તાગલે છે. આ પ્રકારની સમીક્ષા ‘સાહિત્યમાં નારી પ્રતિભા’ (Images of woman in literature) તરીકે ઓળખાવે છે.

નારીવાદી સંદર્ભમાં વિકાસના આ ત્રણેય તબક્કામાં નારીવાદી વિચારધારાનો વિકાસ સ્પષ્ટ દેખાય આવે છે.નારીવાદ સાહિત્યના સંદર્ભમાં તબક્કાઓનું નામાભિધાન એવન શોવાલ્ટરે નીચે પ્રમાણે વિભાજન કર્યું છે.

૧. પ્રથમ તબક્કો ‘Feminie’ કે જે Imitativeતબક્કો છે.

૨ .દ્રિતીય તબક્કો ‘ Feminist’ કે જે Reactiveછે, આક્રોશ ભરેલ છે.

૩. તૃતીય તબક્કો ‘Female’ તબક્કો એટલે કે માર્જિનલ રાઈટિંગના વિકાસનો અંતિમ તબક્કો.

## II. મહિલા સર્જકો અને નારીવાદ

નારીવાદના પ્રણેતા વર્જિનિયા વુલ્ફ “ARoomofone’sown” માં નારીલેખનના લગભગ બધા જ મુદ્દાઓ પર ચર્ચા કરી છે.૧૯૬૦માં પુરુષ સાથે ખભેખભા મિલાવી કામ કરતી હતી.સ્રી અને પુરુષ સમોવડિયા થયા પણ હક્કોથી સદા દુર રાખવામાં આવ્યાં.પોતાના વિચારો વ્યક્ત કરવાની, પોતાની રીતે જીવવા પર હંમેશા હાંસિયામાં જ ધકેલાતી ગઈ.૪૫ થી ૬૦ ના સમયગાળામાં વિનોદિની નીલકંઠ, લાભુબહેન મહેતા સરોજિની મહેતા થકી લખાયેલી કૃતિઓમાં કેટલીક વેદનાને વાચા મળી છે.અહીં એ બાબતની નોંધ અવશ્ય લેવી જોઈએ કે નારીચેતના અને નારીવાદ વલણો ધરાવતી કૃતિઓ પુરુષલેખકો કરતાં સ્રીલેખિકાએ વધુ આપી છે.ગુજરાતીમાં કુન્દનિકા કાપડિયાને પ્રણેતા ગણવામાં આવે છે.ધીરુબહેન પટેલ, સરોજ પાઠક,ઇલા આરબ મહેતા ,વર્ષા

 ISSN: 2349-6002

અડાલજા આદિના નામો તેમાં ગણાવી શકાય. ગુજરાતી નારીવાદી સાહિત્યમાં ધીરુબહેન પટેલનું નામ લેખિકાઓની હરોળમાં આગવું સ્થાન પામી ચુક્યા છે. 'એક ડાળ મીઠી' દહેજનું દુષણ અને તેના દુષ્યપરિણામો આકારિત પામ્યા છે.આદરપાત્ર નામ છે સરોજ પાઠક સ્રી -પુરુષ પ્રત્યે પક્ષપાત કે પૂર્વગ્રહ રાખ્યા વિના તેમણે ગુજરાતી ભાષામાં ઉત્તમ નવલકથાઓ આપી છે. છતાં એમની 'ટાઈમબોમ્બ' જેવી નવલકથા નારીવાદના મુખર રીતે પ્રગટ થાય છે. 'નાઈટમેર' , 'નિ:શેષ' અને 'ઉપાયક' જેવી કૃતિઓમાં નારીનું વિશિષ્ટપૂર્ણ આલેખન છે.

ગુજરાતીમાં સાહિત્યમાં નારીવાદના પ્રખર હિમાયતી છે લેખિકા કુન્દનિકા કાપડિયા. નારીચેતના,સમસ્યા,વેદના – સંવેદના જેવા ભાવો તેમની નવલકથામાં બળવત્તર રીતે પ્રગટ્યા છે. 'સાત પગલા આકાશમાં' તેમની યશોદાયી કૃતિ છે.આપણી સંસ્કૃતિમાં સાત પગલાં એટલે સપ્તપદી, લગ્ન. લગ્ન કરીને સ્રી પુરુષ પ્રભુતામાં પગલા પાડે છે, પરંતુ લેખિકા માને છે કે લગ્નતો સ્રીના પગમાં ચુસ્ત બેડી પહેરાવે છેપુરુષસત્તાક માળખામાં સ્રીની સુનિશ્ચિત આચારસંહિતા સામે અનેક પ્રશ્નો ખડા કરે છે .લેખિકાના શબ્દોમાં પરણવું એટલે પ્રતિબંધોના પ્રદેશમાં પગલાં માંડવા.વર્ષા અડાલજાની 'ખરી પડેલો ટહુકો'માં માતૃત્વ સાથે સંકળાયેલી સ્રીની અનેક સમસ્યાઓનો ચિતાર છે. 'માટીનું ઘર' નારી ચેતનામાં સંદર્ભ તપાસવી જોઈએ.બિંદુ ભટ્ટની ડાયરી સ્વરૂપે લખાયેલી નવલકથા 'મીરાં યાજ્ઞિકની ડાયરી' નારી જીવનના સુખ-દુઃખના લેખાંજોખાંને ઉજાગર કરે છે.ઈલાં આરબ મહેતાનું પ્રદાન પણ નારીવાદીક્ષેત્રે વિશિષ્ટ રહ્યું છે.તેમની 'વિસ્તાર' માં જગતના તમામ દુઃખોનો ધબકારઝીલતી વિરાટ સંવેદનારૂપે મમતા કહ્યું છે. તો નારી અસ્મિતાની સુધારણાના સંકેતોને જરાય હાનિ પહોંચ્યા વિના, આધુનિકતાના ઓસરતા પૂર વચ્ચેપ્રકાશિત થયેલી તેમની 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથામાં નારીમનના વિવિધ પ્રશ્નોને ઉજાગર કર્યા છે. સ્રી અભણ હોય કે શિક્ષિત પરંતુ પુરુષ તરફથી તેમને થતી અનુભૂતિઓ સૌ માટે સરખી હોય સરખી હોય છે એટલે કે પાત્રો અને પરિસ્થિતિ બદલાય પણ તેમના પર જબરદસ્તી આરોપવામાં આવેલી 'પૂતળીપણા'ની વેદના તો સર્વસામાન્ય જ રહે છે.

આધુનિકકાળમાં સ્રીસર્જકોનું પ્રમાણ અલ્પ છે. વિષયની દ્રષ્ટીએ ઊંડાણ ધરાવે છે.હિમાંશી શેલતે તો રેડલાઈટ એરિયાની સ્રીઓના પ્રશ્નો આલેખ્યા છે. શરીફાબહેન વીજળીવાળાનું વિવેચન 'શતરૂપા' નારીવાદ ક્ષેત્રે એક મહત્વનો દસ્તાવેજ છે .રંજના હરીશ Indianwomen'sAutobiographies(૧૬૧૩ )અને Thefemalefootprints (૧૯૯૬)તેમજ 'શક્તિ', 'નિજી આકાશ' મળે છે . 'પોતાનો ઓરડો' નામે અનુવાદ વર્જિનિયા વુલ્ફએ કર્યો છે.ગુજરાતી

 ISSN: 2349-6002

સાહિત્યની નવલિકાઓની વાત કરીએ તો સરોજિની મહેતા, વિનોદિની નીલકંઠ, લીલાવતી મુનશી વગેરેનું નારીકેન્દ્રી વાર્તાઓનું એ સમયમાં ઘણું આકર્ષણ હતું.સ્ત્રીઓને વેઠવી પડતી યાતનાઓ અને અન્યાયો તથા એમની ક્ષીણ થઈ ગયેલી અપેક્ષાઓનું હૃદયવિદારક નિરૂપણ એમની વાર્તાઓમાં જોવા મળે છે.વસુબેન ભટ્ટની 'દિવસે તારા રાતે વાદળ' વાર્તાસંગ્રહની વાર્તાઓમાં સ્ત્રીઓની દૈહિક જરૂરિયાતો અને એના અભાવમાં ઉભી થતી વિષમતાઓની લેખિકાએ અહીં વાત કરી છે.

સદીઓથી સ્ત્રીની સરખામણી અન્ય કચડાયેલા વર્ગ સાથે જ થતી આવી છે. હકીકતે સ્ત્રીકાળા લોકોની જેમ લઘુમતીમાં પણ નથી. છતાં તેની વાત શોષિત વર્ગ સાથે જ કરવામાં આવે છે.નારીવાદી વિચારોના પાયા પર આદર્શ સમાજ વ્યવસ્થા રચવા માટે સાહિત્ય થકી વાચા આપવામાં આવી છે.નારીવાદે કોઈ એકલદોકલ સ્ત્રીની સમસ્યા નથી ઉકેલવાની, કારણ ઘણીવાર સ્ત્રીને થતા અન્યાય કે અપમાન બદલ એનું સ્ત્રી હોવું જવાબદાર ન હોય. આવા અન્યાય કે અપમાનનો ભોગ પુરુષ પણ બનતો હોય .....એટલે જ્યાં સ્ત્રી હોવાને કારણે જ સ્ત્રીનું શોષણ થતું હોય, જ્યાં એની સમસ્યા માટે એનું સ્ત્રીપણુ જવાબદાર હોય અથવા તો જ્યાં સ્ત્રીને પોતાને જ સમસ્યા માનવામાં આવતી હોય ત્યાં નારીવાદે લડત આપવાની છે.એટલે કે આ લડાઈ અન્યાય, શોષણ ,અસમાનતા સામેની છે. એટલે જે કોઈને પણ સામાજિક ન્યાય, સમાનતાની પડી હોય એ બધાને નારીવાદી કહી શકાય.સ્ત્રીના શોષણ સામે અવાજ ઉઠાવતા પુરુષને પણ નારીવાદી કહી શકાય.સાહિત્ય થકી અન્યાયનો ભોગ બનતી સ્ત્રીઓની સંવેદનાને ઉજાગર કરે નારીવાદી સાહિત્ય.

## સંદર્ભ સૂચિ


[1] આધુનિકોત્તર વાર્તામાં નારીની છબી – નીતીન રાઠોડ ,ગૂર્જન સાહિત્ય પ્રકાશન ,અમદાવાદ

[2] નારીની કથા પુરુષની લેખીની – સંપાદક -દર્શના ધોળકિયા ,હર્ષ પ્રકાશન ,અમદાવાદ

[3] નારીવાદી સાહિત્ય એક વિહંગાવલોકન - ઉદેશ્ય ફેબ્રુઆરી,૧૯૯૬

[4] શતરૂપા -સંપાદક -શરીફા વીજળીવાળા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય ,અમદાવાદ

[5] સાહિત્યમાં નારી ચેતના -કલ્પના શાહ